R.N.I. No. : 66450/97 GAMC NO. : Guj/189 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday

Ahmedabad Jurisdiction

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

ESTD.YEAR-18•ISSUE:42 DATE:18-10-2014•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

## બોકો હરામ આતંકીઓના ત્રાસથી દસ હજારથી વધુ ખ્રિસ્તીઓ અને મુસ્લીમોએ નાઇજીરીયામાંથી હિજરત કરી

નાઈજીરીયામાં બોકો હરામ નામનું એક મુસ્લીમ આતંકવાદી ગ્રુપ ચારેકોર હિંસા અને ત્રાસ ફેલાવી રહ્યું છે.આ આતંકીઓના ત્રાસથી બચવા માટે દસ હજારથી વધુ ખ્રિસ્તીઓ અને મુસ્લીમો દેશ છોડી હિજરત કરી ગયા છે.આ મુસ્લીમ આતંકી ગ્રુપે તાજેતરમાં નોર્થઈસ્ટર્ન નાજીરીયામાં આવેલ મીચીકા ટાઉન કબજો જમાવ્યો છે.તેઓ નાઈજીરીયન અને કેમરુનીયોના બનેલ લશ્કરનો સામનો કરી રહ્યા છે.જેમાં ચાલી રહેલ લડાઈમાં હજારો લોકોના મોત નિપજ્યા છે.બીબીસીના સમાચારો મુજબ ભુતપુર્વ નાઈજીરીયન પ્રેસિડેન્ટ ઓલુસીગન ઓબોસન્જોના પુત્રને ગોળી મારવામાં આવી હતી.તેઓ ઘાયલ થયા હતા. બઝા ઉપર ચાલી રહેલ લડાઈમાં આ ઘટના ઘટી હતી.

ફાધર પેટ્રીક ટોર અલુમુકુ,આર્ચડાયોસીસ,અબુજાએ જણાવ્યું હતું કે કેટલાક ચર્ચોને નુકશાન પહોચાડાયું છે તેમજ દસ હજારથી વધુ ખ્રિસ્તીઓ હિંસાના ડરે અને બોકો હરામ આતંકવાદીઓના ત્રાસથી હિજરત કરી ગયા છે.બાકો હરામ દ્વારા દરેક ખ્રિસ્તીઓ પર તેઓ ઝીણવટથી ધ્યાન રાખે છે.તેથી તેઓ ચર્ચોને તોડી પાડે છે અને ખ્રિસ્તીઓને ત્રાસ આપે છે.ગત સપ્તાહમાં બોકો હરામ દ્વારા મેઈડીગુરી વિલેજમાં આવેલ એક સ્થાનિક પેરીસ હેડક્વાટર્સને બોકો હરામે કબજે કરી લીધું હતું.

અલમુકીએ જણાવ્યું હતું કે તમામ શરણાર્થીઓ ખ્રિસ્તી નથી.કેટલાક લોકો સ્થાનિક ગામો કે નગરોના મુખીયા છે ,કેટલાક મુસ્લીમ નેતાઓ છે (ઈમરીશ)બોકો હરામ શુ કરવા માંગે છે તેની સમજ પડતી નથી.હજુ સુધી કેટલાક વસાહતી વિસ્તારો હિંસાગ્રસ્ત છે.દુર્ભાગ્યે કેટલાક લોકો ભાગી શકવા સમર્થ બન્યા નથી.કોમ્બેટ વિસ્તારમાં માનવતાવાદી રાહતો મળી રહી છે.પરંતુ તે ખુબજ મુશ્કેલીથી મળી રહી છે.કેટલાક આ હિંસાગ્રસ્ત વિસ્તારોની બહાર છે તેમને મદદ મળી રહીછે તેવુ અમલુકીએ જણાવ્યું હતું.

જો કે મેઈડગુરી સીટી કે જેની વસ્તી લગભગ ૧ મીલીયન જેટલી છે તેની પર હુમલો બોકો હરામ દ્વારા કરાયો છે.તેનું પરિણામ ગમે તે આવે પરુંત તે માનવતા વિરુધ્ધનો એક ભયંકર અપરાધ સમાન છે.

## પાકિસ્તાનમાં કુરાન બાળવાના આક્ષેપથી એક હિંદુ અને એક ખ્રિસ્તીની ધરપકડ

પાકિસ્તાની પોલીસે બે વ્યક્તિઓની કુરાન બાળવાના આરોપસર ધરપકડ કરી હતી. જેમાં એક હિદુ વ્યક્તિ છે અને એક ધર્મપરિવર્તિત ખ્રિસ્તી છે.બે વ્યક્તિઓ પૈકી એક જાવેદ મસિહ જે ખ્રિસ્તી છે અને આનંદ લાલ હિદુ છે.તેઓ જ્યાં કામદાર તરીકે કામ કરે છે તે સ્કુલના હેડમાસ્ટર દ્વારા એફઆઈઆરદાખલ કરાઈ હતી કેઆ બે વ્યક્તિઓએ કુરાન બાળ્યુ હતું.

મસિહના વકીલે જણાવ્યુ હતું કે મુસ્લીમ કટ્ટરવાદીઓએ તેને ખોટી રીતે ફસાવી દીધો છે.મસિહની પત્નીના જણાવ્યા પ્રમાણે તેમના પતિની ધરપકડ બાદ કેટલાક મુસ્લીમ કટ્ટરવાદીઓ તેમના ધર પર ધસી આવ્યા હતા અને તેમના સાથીઓને તેમનુ ધર સળગાવી દેવા તથા આ ખ્રિસ્તી કુટુંબને મારી નાખવાનો હુકમ કર્યો હતો.મે ગમે તેમ રીતે ત્યાથી ભાગી નીકળવાનો પ્રયત્ન કર્યો અને હું મારા બાળકો સાથે મારા ભાઈના ધરે પહોચી ગઈ હતી.મારા ત્રણ બાળકો પૈકી સૌથી મોટો પુત્ર આઠ વર્ષનો છે.મોટાભાગના હિંદુ જે ધર્મપરિવર્તન કરી ચુક્યા છે.જેમાં અમો પણ છીએ.અમોએ ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો છે.પરંતુ તે કોઈના દબાણ,ધાક ધમકી કે લાલચને કારણે બન્યું નથી.પરંતુ અમારી મરજીથી અને ખુશીથી અમોએ ધર્મપરિવર્તન કર્યુ છે તેમ જાવેદ મસિહની પત્નીએ જણાવ્યું હતું.મોટાભાગના હિંદુને મુસ્લીમ કટ્ટ્રવાદીઓ દ્વારા નિશાન બનાવાય છે તેમની દીકરીઓને ઉપાડી જઈ તેમને મુસ્લીમ બનાવી દેવાયછે.

## અપહરણ કરાયેલ પાસ્ટર ૧૦ મહિના બાદ બોકો હરામની પકડમાંથી ભાગી છુટ્યા

બોકો હરામ નાઈજીરીયન મુસ્લીમ આતંકવાદી સંગઠન દ્વારા અપહરણ કરવામાં આવેલ એક ખ્રિસ્તી પાસ્ટર રોટીમી ઓબાજીમી દસ મહિનાની કેદ બાદ નાસી છુટવામાં સફળ રહ્યા હતા.ક્રિશ્ચિયન પોસ્ટ દ્વારા આ સમાચારો જણાવાયા હતા.

રીડીમ ચર્ચ,મેઈડગુરી ખાતેના પાસ્ટરે સહારા રીપોર્ટને માહીતિ આપતાં જણાવ્યું હતુ કે અમોને આ બાબત જણાવતા ખુબજ આશ્ચર્ય થાય છે કે અમો જેમના માટે ખાસ આગ્રહપુર્વક પ્રાર્થના કરતા હતા કે બોકો હરામની પકડમાંથી જીસસ અમારા પાસ્ટરને મુક્તિ અપાવે.પરંતુ અમોને અમારા મુખ્ય મથક મેઈડગુરી ખાતે મીલીટરીએ તેમને લાવીને સોપ્યા હતા.ઓબાજીમીને ઈસ્લામીક મીલીટંટોએ જાન્યુ. ૬ના રોજ ઉપાડ્યા હતા.અને સામબીસા ફોરેસ્ટમાં લઈ ગયા હતા.જ્યાં તેમને કેટલાક વખત સુધી સખ્ત બંધનમાં રાખવામાં આવ્યા હતા.

ઓબાજીમીએ જણાવ્યું હતું કે ખુબજ વરસાદને કારણે આવેલ પુરને કારણે તેમની મુક્તિ સરળ બની હતી.ઈસ્લામીક આતંકીઓ તેમને છોડીને પુરથી બચવા અન્યત્ર ખસી ગયા,અને ત્યારબાદ નાજીરીયન મીલીટરીએ આવીને તેમને બચાવ્યા હતા.તેમજ હોસ્પીટલમાં સારવાર માટે ભરતી કરાવ્યા હતા.આ સપ્તાહ પહેલા નગામડુ ખાતે મીલીટંટો દ્વાર સાત ગ્રામજનોને મારી નંખાયા હતા.જ્યારે બોકો હરામના લીડર અબુબકર શીકાઉએ એક વીડીયો જારી કર્યો હતો તેમાં જણાવાયું હતું કે નાઈજીરીયાના ગામોમાં સખ્ત શરીયા કાયદો લાગુ કરવામાં આવશે.કોઈપણ વસ્તુ મને મારી શકશે નહી જ્યાં સુધી મારા દિવસો પુર્ણ થશે નહી.હું હજુ જીવતો છું.લોકો તમનો કહે કે આ બે આત્મા છે.ના,મારે એકજ આત્મા છે.

## વેટીકનમાં પહેલી વખત સજાતીય લોકો પ્રત્યે સકારાત્મક વલણ દાખવવાનો પોપ ફ્રાંસિસ દ્વારા નિયુક્ત સમિતિનો નિર્ણય

કેથલિક ખ્રિસ્તીઓના સૌથી મોટા વડા પોપ ફ્રાંસિસ દ્વારા નિમવામાં આવેલી બિશપ્સની એક કમિટિએ ચર્ચને આહ્વવાહન કર્યું છે કે સજાતીય લોકો પ્રત્યે વધુમાં વધુ સકારાત્મક વલણ દાખવવામાં આવે. કેથલિક ચર્ચમાં આ પ્રકારનું પરિવર્તન પહેલી વખત જોવા મળ્યું છે. વેટિકનમાં પ્રસિધ્ધ કરાયેલા એક દસ્તાવેજમાં સમલૈંગિકો,અપરણિત યુગલો,છુટાછેડા લીધેલા લોકો અને આ તમામ પ્રકારના પરિવારોના બાળકોનો સમાજમાં સ્વીકારવાની અપીલ કરવામાં આવી છે.બિશપ્સનો આ અહેવાલ બે સપ્તાહની બેઠક બાદ પ્રસિધ્ધ કરાયો છે.હવે આ અહેવાલ પર ચર્ચા કરવામાં આવશે અને રિવિઝન પણ કરવામાં આવશે.પરંતુ ઉદાર વલણ અપનાવાયું હોય તેવો ચર્ચના ઈતિહાસમાં આ પહેલો સંકેત છે. ફ્રાંસિસ દ્વારા નિયુક્તિ કરાયેલી સમિતિએ ૧૨ પાનાો અહેવાલ તૈયાર કર્યો છે. જેમાં ગર્ભપાત,ગર્ભનિરોધ,સજાતીયતા અને છુટાછેડા જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી છે.ચર્ચના આ બદલાવથી જમણેરી ગ્રુપ ખુશ તો છે. પણ તેઓ આગળના ડેવલેપમેન્ટ પર પણ નજર રાખી રહ્યા છે.એટલેકે કેટલાક લોકો એવા પણ છે કે જેઓ આ નિર્ણયનો વિરોધ કરી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે અગાઉ ચર્ચમાં એક સજાતીય કપલને લગ્ન કરવાની પણ ના પાડી દેવામાં આવી હતી.જેને પગલે ભારે વિવાદ સર્જાયો હતો. ત્યારે હવે સૌથી મોટા ધર્મગુરુ પોપ ફ્રાંસિસ દ્વારા જ નિમાયેલી કમિટિએ લીધેલા આ નિર્ણયથી સમાજમાં એક પરિવર્તનની હવા ફુંકાઈ રહી છે.

## ઇસ્લામીક સ્ટેટ મીલીટંટ દ્વારા અમેરિકન મહિલાના અપહરણના છુટકારા પેટે ૬.૬ મિલિયન ડોલરની માંગણી કરાઇ

ઈસ્લામીક સ્ટેટ મીલીટંટ દ્વારા એક અમેરિકન મહિલાનું અપહરણ કરાયું હતું. આ મહિલાને છોડવા પેટે ૬.૬ મિલિયન ડોલરની માંગણી આ આતંકી પરબળો દ્વારા કરવામાં આવી હતી.

આ મહિલાનું નામ જાહેર કરવામાં આવ્યું નથી. પરંતુ એવું કહેવાય છે કે આ અમેરિકન મહિલા સીરીયામાં માનવતાવાદી પ્રવૃતિમાં કાર્ય કરવા માટે ગત વર્ષે ગઈ હતી ત્યાંથી તેનું અપહરણ કરાયું હતું.આ મુસ્લીમ આતંકીઓએ બીજી એક માંગણી પણ મુકી છે કે પાકિસ્તાનના ન્યુરોસાયંટીસ્ટ આફીયા સીદ્દીકી જે ટેકસાસની જેલમાં છે તેને છોડી મુકવામાં આવે.જેમનો સપ્ટે.૨૦૧૦માં એક અમેરિકન અધિકારીનું મોત નિપજાવવાના પ્રયત્નો માટે કસુરવાર ઠરાવીને જેલમાં મોકલાયા છે.

સીદ્દીકીના કુટુંબીજનોએ તેમની પર મુકાયેલ આરોપોને નકારી કાઢ્યા હતા.તેણીએ જણાવ્યું હતુ કે તેમને અલ કાયદા સાથે કોઈ સબંધ નથી.આ કુટુંબ તરફથી લખાયેલ એક પત્ર વંચાણે લેવાયો હતો જેમાંની વિગતો મુજબ જો આ મુદ્દો સત્ય હોય,તો અમો કહેવા માંગીએ છીએ કે અમારે કે અમારા કુટુબીજનોને આવા આતંકી ગ્રુપ સાથે કોઈ સબંધ નથી.અમો લડતમાં માનીએ છીએ પરંતુ તે શાંતિપુર્ણ હોવી જોઈએ.અને માન મરતબા વાળી હોવી જોઈએ.આફીયાનું નામ હિંસા સાથે જોડી દેવાયું છે તે અમારી લડતની બિલકુલ વિરુધ્ધની બાબત છે.ઈસ્લામીક સ્ટેટ મીલીટંટ એક બીજા અમેરિકન પત્રકાર સ્ટીવન સોટલોફનો વિડીયો જારી કર્યો હતો. જેમાં તેમને બતાવી આ આતંકી પરિબળો એવુ બતાવવા માંગે છે કે તેમની પાસે હત્યા કરવા માટે એક બીજો શિકાર તૈયાર છે. તેથી અમેરીકા તેમની માંગણીઓ પ્રત્યે આદર કરે અને તેમને તેમની પ્રવૃતિઓમાં અડચણ ના ઉભી કરે.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

મહારાષ્ટ્ર અને હરિયાણા વિધાનસભાની ચુંટણી માટેના પુર્વાનુમાનો થતા રહ્યા છે.અને એ પ્રમાણે તમામ એકઝિટ પોલ એવું સુચવ્યે છે કે ભારતીય જનતા પાર્ટી બેઉ રાજ્યોમાં મેદાન મારી જશે.એકંદરે ચુંટણીઓ જોતા એવું સ્પષ્ટ જણાય છે કે કોગ્રેસ જે ચુંટણીઓમાં આગળ રહેતી હતી તેના હવે વળતા પાણી થયા હોય તેમ લાગે છે.ભારતીય જનતા પાર્ટીએ આજ સુધી પ્રચાર કર્યો છે પરંતુ કોગ્રેસને તોડવામાં સફળ રહ્યા નથી. માત્ર ને માત્ર એક જ વ્યક્તિ નરેન્દ્ર મોદીએ રાજકારણમાં ઈતિહાસ સર્જ્યો છે તેમ કહીએ તો ખોટું નથી. લોકસભાની ચુંટણીઓમાં તેમના પ્રચાર કરવાની રીત,અને વિરોધીઓને મહાત કરવાની આવડતે તેમને સંપુર્ણ બહુમતી અપાવી દીધી છે.તેથી એવું માનવાને કારણ છે કે આવનારા દિવસોમાં જે તે રાજ્યોમાં થનાર ચુંટણીઓમાં ભારતીય જનતા પાર્ટીને સફળતા મળશે તો એક માત્ર નરેન્દ્ર મોદીનો કરિશ્મા હશે તેમ કહેવું ખોટું નથી.

હાલમાં દેશમાં તમામ રાજકારણીઓ એકદમ હતાશા અનુભવી રહ્યા છે.ભારતીય જનતા પાર્ટીના સીનીયર નેતાઓના જ પણ એજ હાલ છે. બાકી રાજકીય પાર્ટીઓ સાથે ભારતીય જનતા પાર્ટીના સીનીયર નેતાઓએ હવે વનવાસ વેઠવાનો વારો આવ્યો છે.અને કદાચ આ તેમની રાજકીય કારકીર્દીનું પુર્ણવિરામ પણ હોઈ શકે.ખેર,શત્રુઓમાંથી પણ કસદાર હોય તેવા નેતાઓને પણ મોદીની મુત્સદીગીરીએ પરાસ્ત કરી દીધા છે.અને તેઓ શરણે આવી ગયા છે.હવે વિરોધીઓનું લશ્કર તેમની સામે સાવ પાંગળું દેખાય છે.ખેર વધુ બહુમતી અને માત્ર એક વ્યક્તિ કેન્દ્રીત સત્તા સરમુખ્યતારશાહી તરફ દોરી જાય છે.આપણે એવું ઈચ્છીએ કે આપણુ લોકશાહી તંત્ર બરકરાર રહે અને ધર્મનિરપેક્ષ લોકશાહી આબાદ રહે.

જો મહારાષ્ટ્ર માં ભારતીય જનતા પાર્ટી સત્તા સ્થાને બીરાજશે અને અન્ય હરિફો ધુળ ચાટતા થઈ જશે તો હરિફો ભલે ચુંટણીમાં હારી ગયા હશે તો પણ તેઓ શેરીઓની લડાઈમાં પાવરધા છે તેમને જેર કરવા આસાન નહી બને.શિવસેના ભલે ટુકડામાં હાલમાં હોય પરંતુ જ્યારે વિરોધીઓનો સામનો કરવાનો આવશે ત્યારે તેઓ શેરી લડાઈમાં એક થઈજશે. ભાજપે સત્તા હાંસલ કરીને તેમને કાબુમાં રાખવા પડશે નહીતર ભારતની આર્થિક રાજધાનીમાં તેઓ અનેક વિખવાદો પેદા કરી શકે છે.અને તેના પડઘા આખા દેશમાં પડશે.સહુ પ્રથમ પ્રાંતવાદનો વિખવાદ પેદા કરવામાં તેઓને કોઈ પહોચે તેમ નથી.આ વિવાદમાં ત્યાંના બધા સામેલ છે.પછી તે ગમે તે પક્ષમાં હોય.મુંબઈમાં ગુજરાતી,યુપીના,બિહારીઓ,દક્ષિણના એવા અન્ય પ્રાંતોના લોકો વસે છે.અને તેમના પણ હિતોની રક્ષા કરવી પડશે.નહિતર મુંબઈ આર્થિક રાજધાની થયેલ ગરબડ દેશના વિકાસમાં રોડા નાખી શકે છે માટે તે માટે વડાપ્રધાને બહુ ચૌકન્ના રહેવું પડશે.સ્થાનિક સત્તામાં એવા મજબુત રાજ વહીવટ ચલાવનારાઓને સ્થાન આપવું પડશે કે જેથી સ્થાનિક પરીબળોનો યોગ્ય સામનો કરી શકાય.

## સીરીયા : પ્રામાણિક રાજદ્વારી પ્રયાસ જરુરી

ઈતિહાસની એક ખુબી છે કે ક્યારેક વિપરિત પરિસ્થિતિ તમને સારા મિત્ર કરતાં વધુ સારી રીતે મુશ્કેલીમાં મદદ કરે છે.રશિયાના વિદેશ પ્રધાને એવું જ કર્યું.તેમણે દરખાસ્ત રજુ કરી સીરીયા રસાયણિક શસ્ત્રો સુપરત કરશે તો અમેરિકા યુધ્ધનો નિર્ણય પાછો ખેચશે.આ અવસરે પ્રમુખ બરાક ઓબામાને બચાવી લીધા.અમેરિકન કોગ્રેસે તેમની હુમલાની યોજના અંગે જે વલણ અપનાવેલું તેનો સામનો કરવાનો સમય જ ન આવ્યો.તેનાથી વધુ ભયજનક પરિસ્થિતિ એ થાત કે નાગરિકો પર નર્વ ગેસ છોડવા માટે દંડ દેવા સીરીયા પર હુમલો થાત તો પરિસ્થિતિ નિયંત્રણ બહારની હોત. સંયુક્ત રાષ્ટ્ર સહિત વિશ્વના દેશો માટે આવી સ્થિતિ અયોગ્ય હોત.

આરબ વિશ્વએ સશસ્ત્ર હુમલાનો વિરોધ કર્યો હતો.તેને આંતરરાષ્ટ્રીય સ્તરે ટેકો મળ્યો હતો.ફ્રાંસ,જર્મની,બ્રિટન અને ૭૧ ટકા અમેરિકનો પણ આવા હુમલાના વિરોધમાં હતા.કાયદા ઘડવૈયાઓ અને રાજદ્વારી નિષ્ણાંતોએ ઓબામાને બચાવી લીધા.હવે તેઓ સીરીયા કટોકટીના ઉકેલ માટે તટસ્થ રાજદ્વારી ઉકેલ લાવવાના એતિહાસિક અવસરને હાથમાં લઈ શકે છે.પશ્ચિમ એશિયા ઉત્તર આફ્રિકા ક્ષેત્રે પણ પ્રવર્તમાન સંજોગોમાં તે જરુરી છે.રસાયણિક શસ્ત્રો માટે અમેરિકાની સ્થિતિ વધુ પડતી દંભ ભરેલી છે.૧૯૮૦માં સદામહુસેને આવા શસ્ત્રોનો ઉપયોગ કર્યો હતો,કારણ કે તે વખતે તે અમેરિકાનો મિત્ર હતો.તેણે ક્યારેય ઈઝરાયેલ પાસે રસાયણીક શસ્ત્રો પર પ્રતિબંધની માંગણી કરી નહોતી.તેનાથી પણ સીરીયા ના કિસ્સામાં આવું વલણ કેમ ?૨૧મી ઓગષ્ટે પ્રમુખ બશરના લશ્કરે કેમિકલ શસ્ત્રોનો ઉપયોગ કર્યો હતો.સંયુક્ત રાષ્ટ્ર આ અંગે તપાસ કરી રહ્યું છે.પરંતુ ઓબામાએ જાહેર કર્યું કે સીરીયાએ ગુનો કર્યો છે અને તેને દંડ મળવો જોઈએ.

અમેરિકા રાજદ્વારી અભિગમમાં અનેક પગલાં લેવા જોઈએ.યુધ્ધવિરામ માટે એટલે કે સીરીયાને સિવિલ વોર રોકવા સમજાવે.અત્યાર સુધીમાં એક લાખથી વધુ લોકો ના મોત થયા છે.અઢી લાખ લોકો નિરાશ્રીત બન્યા છે.આ સંઘર્ષ જાતિ આધારિત છે.સુન્ની અને શીયા વચ્ચેની લડાઈ છે.પરિણામે સાઉદી પ્રત્યાઘાતી બળો મજબુત બને છે.ઈરાનનો ટેકો ધરાવનાર નબળા પડે છે.

## બોકો હરામે નાઈજીરીયાના ૧૮૬ ચર્ચોનો નાશ કર્યો છે. નાઈજીરીયન ડાયોસીસ




મેઈડુગુહી નાઈજીરીયન ડાયોસીસ કે જે નોર્થ ઈસ્ટર્ન નાઈજીરીયામાં આવેલ છે તેના જણાવ્યા પ્રમાણે ૨૦૦ જેટલા ચર્ચોને બોકો હરામ દ્વારા નિશાન બનાવાયા હતા તે પૈકીના ૧૮૬ ચર્ચોનો ધ્વંશ થયો હતો.તેવું ડાયોસીસના પ્રવક્તાએ જણાવ્યું હતું. ફાધર ગીદીયો ઓબેસોગી, ડાયરેક્ટર ઓફ સોશ્યલ કોમ્યુનીકેશન, ડાયોસીસે જણાવ્યું હતું કે આ સપ્તાહ પહેલાં જે હિંસા ચાલી રહી છે તેમાં ૧૮૬ ચર્ચોનો નાશ કરાયો હતો.જે ૧૪ પેરીશીસ બોર્નો,યોબી અને અડાસાવા સ્ટેટમાં આવેલ છે. કેટલાક પેરીશીસે તેમના ૨૫ ચર્ચો,પ્રાર્થના સ્થળો ગુમાવ્યા છે.

ચર્ચના મુદ્દે આપણે માનીએ છીએ કે આપણી સતાવણી થઈ રહી છે.સમય પ્રમાણે આપણે ધાર્મિક સ્વતંત્રતા હનનના સમયમાંથી પસાર થઈ રહ્યા છીએ.આ તમામ ગતિવિધિઓની પાછળ બોકો હરામ આતંકવાદી સંસ્થાનો હાથ છે.આ સંસ્થા છેલ્લા પાંચ વર્ષથી હિંસાચાર આચરી રહી છે. જેમાં તેઓ બોમ્બીંગ,ચર્ચ પરના હુમલાઓ, વ્યક્તિગત હિંસાચાર કરી રહ્યા છે. તેઓનો આશય નાઈજીરીયન સરકારને ઉખાડી ફેકી દેવાનો છે.અને ઈસ્લામીક શાસન સ્થાપવાનો છે.

તાજેતરમાં પડાયેલ રેડમાં સ્થાનિક સરકારી તંત્રને તિતર ભિતર કરી દેવાયું હતું.સરકારી મકાનો તોડી ફોડી નંખાયા હતા.આ તોફાનોને કારણે હજારો કેથોલીકો આ વિસ્તાર છોડીને ભાગી છુટ્યા હતા.એક પાદરીના જણાવ્યા મુજબ હજારો બાળકો સ્કુલથી વંચિત રહી જશે.સ્થળાંતરને કારણે હજારો લોકોના સ્વાસ્થનો પ્રશ્ન વિકટ બન્યો છે.પ્રવક્તાના જણાવ્યા પ્રમાણે પરિસ્થિતિનો કોઈ હલ દેખાતો નથી.પરંતુ આ પ્રશ્નને હલ કરવા માટે આંતરરાષ્ટ્રીય સ્તરે ગંભીરતાથી વિચારણા કરવામાં આવે અને તેનો હલ નિકળે તો જ આ બાબત હવે શક્ય છે.

## અમેરિકાના હવાઇ હુમલામાં સેકડો ઇસ્લામીક આતંકીઓના મોત

અમેરિકા અને તેમના સાથી દેશોએ સીરીયાના કોબાની ઉપર કરેલ હવાઈ હુમલામાં સેકડો ઈસ્લામીક આતંકી સંગઠનના આતંકવાદીઓનો ખુરદો બોલી ગયો હતો.છેલ્લા બે દિવસથી કોબાની ઉપર અમેરિકન હવાઈ હુમલાઓ ચાલુ રહ્યા હતા .૪૦ જેટલા હવાઈ હુમલાઓ કરવામાં આવ્યા હતા.પરિણામે આતંકીઓએ એક અમેરિકન મહિલા માટે ફિરોતીની માંગણી કરી હતી.

મગરની જીભ તેના મોઢાના ઉપરના ભાગ સાથે જોડાયેલી હોય છે.તેને કારણે મગર ચાવવાની ક્રિયા કરી શકતોનથી.પરંતુ તેનો પાચનરસ એટલો શક્તિશાળી હોય છે કે તે લોખંડની વસ્તુઓ સુધ્ધાં પચાવી શકે છે.

ડુર આ દુનીયાનું ચોથુ સૌથી બુધ્ધિમાન પ્રાણી છે.

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.
અમી સર્જીકલ
૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧
જય ક્રિશ્ચિયન મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯

★ નીલા ફાઇનાન્સ ★
આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
નીલા સી.ગામડીયા
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

લગ્ન વિષયક
ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર
ગીડીયોન પોલ પરમાર
(ગર્વ.મેરેજ રજીસ્ટાર)
નં. ૯, કનાન સોસાયટી, મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯
મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬

ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર
- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

# વિશ્વભરમાં ધાર્મિક સતાવણી ખુબજ પ્રમાણમાં વધી ગઇ છે



તાજેતરમાં કરવામાં આવેલ એક સર્વે પ્રમાણે ઘણા બધા દેશોમાં વ્યક્તિગત રીતે ધાર્મિક સતાવણીનો આંક છેલ્લા છ વર્ષ કરતાં ૨૦૧૨માં વધી ગયો છે.પી રીસર્ચ રીલીજીયન એન્ડ પબ્લીક લાઇફ પ્રોજેકટના પ્રમાણે મોટા ભાગના દેશોમાં ધાર્મિક સતાવણીનું પ્રમાણ વધ્યું છે.જેમાં ખ્રિસ્તીઓની વિશ્વવ્યાપી રીતે વધુ સતાવણી થઇ છે.૨૦૦૬ થી ૨૦૧૨ના સમય દરમિયાન રીપોર્ટમાં દર્શાવેલ આંકડાઓ એવું જણાવે છે કે ખ્રિસ્તીઓ સૌથી વધુ સતાવણીનો આખા વિશ્વભરના દેશોમાં ભોગ બન્યા છે.

હવે આપણે ૨૦૧૨ના વર્ષ ઉપર જ દષ્ટિપાત કરીએ તો ૧૧૦ દેશોમાં ખ્રિસ્તીઓની સતાવણી કરાઇ છે ૨૦૧૧ના સમય દરમિયાન જે દેશોમાં સતાવણી થઇ તેની સંખ્યામાં ૨૦૧૨મા પાંચ દેશોનો વધારો દેખાયો છે.પીએ ના જણાવ્યા પ્રમાણે તેઓએ સતાવણી થઇ ત્યાંની સરકારના નિયમો,પોલીસીઓ,અને ધાર્મિક આસ્થા અને વિશ્વાસને અવરોધતાં પરિબળો, માન્યતાઓ, તેમજ ત્યાંની સામાજીક પરિસ્થિતિ અને તેનો વ્યક્તિગત ધાર્મિક સ્વાતંત્રતા પર પડતો કાપ,જેમાં ધર્મને લગતી લડાઇઓ,હથિયારો દ્વારા કરાતો સંઘર્ષ, આતંકવાદ,ટોળાશાહી દ્વારા હત્યાઓ,સતાવણીઓ વિગેરે, એક ધર્મથી બીજા ધર્મ ઉપર કરાતા કુપ્રચાર વિગેરે થી બનતી ઘટનાઓની ચકાસણી કરાઇ હતી.

ધાર્મિક લઘુમતીઓ પર થયેલા હુમલાઓ ૨૦૧૨માં ૪૭ ટકા હતા જે ૨૦૧૧માં ૩૮ ટકા હતા એ ૨૦૦૭માં તે ૨૪ ટકા હતા.ખાસ બનાવોને સંસોધનમાં આવરી લેવાયા તોમાં બુધ્ધિષ્ટ સાધુઓ દ્વારા શ્રીલંકામાં મસ્જીદ પર કરવામાં આવેલ હુમલાઓ હતા.જે ડમબુલામાં એપ્રીલ ૨૦૧૨માં કરાયા હતા.તેમજ સેવન્થ ડે એડવેસ્ટીસ્ટ ચર્ચ, જે ડેનીયાયામાં આવેલ છે તે ઓગષ્ટમાં કબજે કરી લેવાયું હતું.ત્યાર બાદ બુધ્ધિષ્ટ સાધુઓ દ્વારા આ ચર્ચને બુધ્ધ મંદિરમાં પરિવર્તીત કરાયું હતું.આ ઉપરાંત કોપ્ટીક ક્રિશ્ચિયન ચર્ચીસ,અને ખ્રિસ્તીઓ પર ઇજીપ્તમાં ૨૦૧૨ ઓગષ્ટમાં હુમલાઓ કરાયા હતા.જે ઇજીપ્ત વિલેજ દહેસુરમાં બન્યા હતા.મુસ્લીમ અને ખ્રિસ્તી વચ્ચેના ડીસ્પુટને કારણે થયેલ અથડામણમાં એક નું મોત, ડઝન જેટલા લોકો ઘાયલ અને કેટલાક ખ્રિસ્તીઓના ઘરો અને તેમના વેપારના સ્થળોનો નાશ કરી દેવાયો હતો.જેથી ખ્રિસ્તીઓના કુટુંબોએ સ્થળાંતર કરવું પડ્યું હતું.એક નવો સર્વે કરવામાં આવ્યો તેમાં ઘણાબધા દેશોમાં ધર્મના કારણે વ્યક્તિગત હુમલાઓ થયા હતા.

ભારતમાં હિંદુ નેશનાલીસ્ટ પાર્ટીના હિંદુ જાગરણ વૈદિક,દ્વારા મોરાલીટી કોડ દાખલ કરવામા આવ્યો અને જેઓ જન્મદિન પાર્ટી કે વેલેન્ટાઇન ડે જેવી ઉજવણીમાં ભાગ લે તેવા યુવાન અને યુવતીઓને કર્ણાટક રાજયમાં શિક્ષા કરવામાં આવી.રીસર્ચ રીપોર્ટમાં જણાવ્યા પ્રમાણે એક ૨૪ વર્ષીય વ્યક્તિનું બરાવા,સોમાલીયા ખાતે નવેમ્બર ૨૦૧૨માં માથુ કાપી નાંખવામાં આવ્યું.

ખ્રિસ્તી મહિલાઓની સતાવણી બાબતે રીપોર્ટમાં જણાવ્યા પ્રમાણે ૨૦૧૨માં ૩૨ ટકા જેટલી વિશ્વભરની મહિલાઓ જેમાં બધા દેશોની ગણતરી કરવામાં આવી,તેમની સતાવણી કરાઇ હતી.જે ૨૦૧૧માં માત્ર ૭ ટકા જેટલી હતી.૨૦૧૨ના મે માં કેન્યા ખાતે મુસ્લીમ ટોળાએ બે ખ્રિસ્તી પાસ્ટરોની હત્યા કરી હતી.નાઇજીરીયામાં હજારો મસ્લીમ યુવકોના ટોળાઓએ ખ્રિસ્તીઓના ધંધાના સ્થળો, પ્રાર્થના સ્થળો બાળી મુકયા હતા. તેમજ નવેમ્બર ૨૦૧૨માં ધર્મનિંદાના આક્ષેપ હેઠળ ચાર ખ્રિસ્તીઓને મારી નંખાયા હતા.

અલ સબાબે નૈરોબીમાં ઓગષ્ટ ૨૦૧૨માં શીખ ટેમ્પલ પર હુમલો કર્યો હતો.ચાઇનામાં ઓકટો. ૨૦૧૨માં તિબેટીયન સાધુઓએ હુઇ મુસ્લીમો પર હુમલો કર્યો હતો જ્યાં નવી મસ્જીદ ચણાઇ રહી હતી.જે ગન્સુ પ્રાંતમાં આવેલ હતી.કેટલીક જગ્યાઓએ સરકારો પણ પુજા વિધિમાં અવરોધ કરતી જોવા મળી હતી.પીના રીસર્ચ રીપોર્ટમાં જણાવ્યા પ્રમાણે તુવાલુમાં સેન્ટ્રલ ગર્વમેન્ટ દ્વારા જાહેરમાં પબ્લીક મીટીંગ ઉપર બંધી ફરમાવી દેવાઇ હતી.જાહેરમાં ધર્મપ્રચાર ઉપર બંધીની જોગવાઇ ૩૮ટકા વિશ્વભરના દેશોમાં હતી.જે ૨૦૧૧માં ૩૧ ટકા હતી.ટુનીશીય સત્તાવાળાઓની પી રીસર્ચ દ્વારા નોધ કરવામાં આવી છે કે શંકાશીલ ઇમામોને ખોટા ઉપદેશ આપવા બદલ દુર કરાયા હતા.જેમાં સલાફીઝમ પણ હતું.ધાર્મિક ગ્રુપો સામે સરકારે લીધેલ પગલાંઓ વિશ્વવ્યાપી સ્તરે ૪૮ ટકા હતા. જે ૨૦૧૧માં ૪૧ ટકા હતા.પીના રીપોર્ટમાં જણાવાયું છે કે યુએસ સરકારે ૧૨ એન્ટી સ્લેવરી સામે ચાર્જીસ દાખલ કર્યા હતા.જાહેરમાં ધાર્મિક પુસ્તકો બાળવા અંગે પણ કેટલીક બાબતોની નોધ રીપોર્ટમાં કરવામાં આવી હતી.જે દેશો ૨૦૧૨માં સોશ્યલ હોસ્ટીલીટીમાં ગણવામાં આવ્યા હતા તેમાં પાકિસ્તાન, અફઘાનિસ્તાન, ઇન્ડીયા, સોમાલીય અને ઇઝરાયેલનો સમાવેશ થતો હતો.સરકારી રીસટ્રીકશન અંગે ૨૦૧૨માં જે દેશોની ગણના થઇ તેમાં ઇજીપ્ત,ચીન,ઇરાન,સાઉદી,અને ઇન્ડોનેશીયાનો સમાવેશ થતો હતો.કોઇપણ એવો એક દેશ કે જેમાં આવી કોઇ બાબતોની નોધ થઇ નથી તો તે અમેરીકા હતું.સરકાર કે સામાજીક સ્તરે કોઇ સતાવણી નોધાઇ નહોતી.


## વિનંતી



તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૫૦૦૦ | અર્ધુ પાન | રૂ.૨૫૦૦ |
| ૧/૪ પાન | રૂ.૧૨૫૦ | ૧/૮ પાન | રૂ. ૬૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૫૦૦૦ | માસિક પેનલ | રૂ.૧૮૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૩૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

# શિક્ષણ વિભાગ સ્કુલ દુર હશે તો વિદ્યાર્થીને સાઇકલ આપશે

ગુજરાત રાજયની પ્રાથમિક સ્કુલોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને દુરની સ્કુલમાં અભ્યાસ માટે જવાનું હોઇ શિક્ષણ વિભાગે ટ્રાન્સપોર્ટની સુવિધા પુરી પાડવાનો નિર્ણય કર્યો છે.આ નિર્ણય અંતગર્ત હવે અપર પ્રાયમરીમાં અભ્યાસ માટે જતા વિદ્યાર્થીને જો સ્કુલથી ઘર ત્રણ કી.મી.ના અંતરે હોય તો તેમને સાઇકલ આપવાનો નિર્ણય લેવાયો છે.આ નિર્ણય અંતગર્ત પ્રથમ તબક્કામાં રાજયના ૨૦ હજાર જેટલા વિદ્યાર્થીઓને આવરી લેવાનું નક્કી કરાયું છે. આ માટે શિક્ષણ વિભાગ દ્વારા કાર્યવાહી શરુ કરી દેવાઇ છે.શિક્ષણ વિભાગનું માનવું છે કે સ્કુલ થી ઘર દુર હોવાથી વિદ્યાર્થીઓ ભણવા જતા નહોતા. હવે વિદ્યાર્થીઓને સાઇકલ આપવાથી ડ્રોપ આઉટ રેશીયો ઘટી જશે.

રાજયના શિક્ષણ વિભાગ દ્વારા રાઇટ ટુ એજ્યુકેશન એકટના અમલ બાદ વિદ્યાર્થીઓને ટ્રાન્સપોર્ટેશનની સુવિધા આપવાનો નિર્ણય લેવાયો હતો. આ માટે એસટી સાથે વાટાઘાટો કરી સ્કુલ દુર હોય તો વિદ્યાર્થીઓને મુકવા માટેનો નિર્ણય લીધો હતો. મોટાભાગના ગ્રામ્ય વિસ્તારમાં રહેતા વિદ્યાર્થીઓ ને અભ્યાસ માટે દુર જવું પડતું હોઇ તેમના માટે યોજના બહાર પાડવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

દરમિયાન રાઇટ ટુ એજ્યુકેશનના અમલને લઇ પ્રાથમિક વિભાગમાં બે ભાગ પાડી દેવાયા છે. જેમાં ધોરણ ૧ થી ૫ એટલે કે પ્રાયમરી વિભાગ કહેવામાં આવે છે. જ્યારે ધોરણ ૬ થી ૮ ને અપર પ્રાયમરી વિભાગ કહેવામાં આવે છે.હવે જે સ્કુલમાં માત્ર ધોરણ ૧ થી ૫ ની સુવિધા જ ઉપલબ્ધ હોય અને તે ગ્રામમાં અપર પ્રાયમરી વિભાગની સુવિધા ઉપલબ્ધ ન હોય તો તેમને અભ્યાસ માટે બીજા ગામની સ્કુલમાં જવાની ફરજ પડે છે. જે વિદ્યાર્થીઓને અપર પ્રાયમરીમાં અભ્યાસ માટે અન્ય ગામની સ્કુલમાં જવું પડે તે સ્કુલ વિદ્યાર્થીના ઘરથી ત્રણ કી.મી. દુર આવેલી હોય તો તેમને ટ્રાન્સપોર્ટેશનલ એલાઉન્સના ભાગરુપે સાઇકલ આપવાનો નિર્ણયક શિક્ષણ વિભાગ દ્વારા લેવાયો છે.પ્રથમ તબક્કામાં રાજયના ૨૦ હજાર જેટલા વિદ્યાર્થીઓને આવરી લેવાશે. આ યોજનાના અમલીકરણની તૈયારીઓ પણ શરુ કરી દેવાઇ છે. જેથી આગામી દિવસોમાં વિદ્યાર્થીઓને સાઇકલ પુરી પાડવામાં આવશે. હાલમાં પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વાર આ અંગે તમામ ડીઇઓ અને ડીપીઇઓને પત્ર લખી જાણ કરી દેવાઇ છે.જેમાં તેમણે તેમના જિલ્લાની વિગતો તથા વિદ્યાર્થીઓની વિગતો સહિતની માહીતી મંગાવી છે. આ માહિતી આવ્યા બાદ વિદ્યાર્થીઓને સાઇકલની સુવિધા પરી પાડવામાં આવશે.તેવું સુત્રો દ્વારા જણાવાયું છે.

# ભારતની પંદર ચોકીઓ પર પાકિસ્તાનનો ફરીથી હુમલો

જમ્મુ-કાશમીરની આંતરરાષ્ટ્રીય સરહદે ફરીથી એક વાર પાકિસ્તાનની સેનાએ ૧૫ ભારતીય ચોકી અને નાગરિક વિસ્તારોને લક્ષાક બન્યાવ્યા હતા.તેના કારણે ત્રણ વ્યક્તિઓને ઇજા પહોચી હતી.પાકિસ્તાન દ્વારા કરાયેલ ભારે મોર્ટારમારાનો ભારતીય સેનાએ વળતો જવાબ આપ્યો હતો.

બીએસએફના પ્રવકતાના જણાવ્યા પ્રમાણે હજુ સુધી સરહદ પર સામસામી અથડામણ ચાલુ છે.પાકિસ્તાની રેન્જરોએ જમ્મુ જિલ્લાના અરનિયા અને આરએસપુરા સેકટરમાં ભારતીય ચોકી અને નાગરિક વિસ્તારોને ભારે મોર્ટારમારાથી નિશાન બનાવ્યા હતા. થોડીક શાંતિ જાળવ્યા બાદ ફરીથી તેમણે નાપાક ઇરાદાઓથી હુમલા શરુ કરી દીધા હતા.

અરનિયા નગર સહિત, કુકુદા,કોઠેના મહાશા કોઠે, જાંબોવાલ, ટ્રેવા,ચિંગિયા, અલ્લા, સેઇ, ચેનાઝ અને દેવીગઢ ગામો પર ભારે મોર્ટારમારાને કારણે ગામો ખાલી થઇ ગયા હતા.અરનિયા શહેરાં પણ મોર્ટારના વિસ્ફોટો થયા હતા.એલઓસી નજીક આવેલા નાગરિક વિસ્તારો શાહપુર, કિરની, બાનવત,મંદાર, કલસામ અને ડોડા પર પણ મોર્ટારમારાની અસર થઇ હતી.એવી આશંકા વ્યક્ત કરાઇ હતી કે દિવાળી સુધી પાકિસ્તાન યુધ્ધ વિરામનું ઉલ્લંઘન ચાલુ રાખશે. જમ્મુ કાશ્મીરમાં આતંકવાદ વકરાવવા આતંકીઓની ઘુસણખોરી માટે પાકિસ્તાન દ્વારા હુમલા કરતા હોવાનો દાવો સેનાના અધિકારીઓ કર્યો હતો.જો કે આતંકવાદીઓની ઘુસણખોરી ભારતીય દળોએ નિષ્ફળ બનાવી છે.


**જાહેર ખબર તથા લવાજમના એજન્ટ**

શ્રી આર.એન.રાજગુરુ
નગર ગેઇટ,જામ-ખંભાળીયા
જી.જામનગર
ફોન નં.૯૯૦૯૮૪૭૭૮૭,
૯૯૦૯૩૪૭૭૮૭

શ્રી ભુપેન પરમાર,
આંબેડકરનગર,ઇશ્વરકૃપાનિવાસ
સામે,નાના મહુવા,
કાલાવડ રોડ,રાજકોટ-૫
ફોનઃ ૯૯૨૫૦૬૭૮૫૩

શ્રી પિયુષભાઇ એ. પટેલ,
૧૦૬,સજની
એપાર્ટ,દલાલસ્ટ્રીટ,
ફતેહગંજ,વડોદરા-૩૯૦ ૦૦૨
મો.૯૯૯૮૯૯૮૮૪૨


# જાસુસી તપાસ માટે ગુજરાત સરકારે નીમેલ પંચને હાઇકોર્ટે વિખેરી નાંખવાનો આદેશ આપ્યો

કચ્છની એક સ્વરુપવાન યુવતીની પોલીસ મારફતે જાસુસી કરાવવાના મુદ્દા હેઠળ લોકસભાની ચુંટણી પહેલા બહુ ચગેલ મુદ્દો હતો. તેને ટાળવા માટે ગુજરાત સરકારે તાત્કાલિક એક તપાસ પંચની રચના કરી હતી. જેમાં જસ્ટીસ સુજ્ઞા ભટ્ અને એક અન્યની નિમણુંક કરવામાં આવી હતી.સરકારે આ મુદ્દે ફસાઇ હતી અને તેણે તે વખતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી અને માજી ગૃહમંત્રી અમિત શાહની સંડોવણી આ કેસમાં ઉજાગર થઇ હતી.આ કારણે ચુંટણી પર અસર ના પડે તેથી તાત્કાલીક પંચની રચના કરી દેવાઇ હતી.પરંતુ યુવતીના પિતા પ્રાણલાલ સોની દ્રારા હાઇકોર્ટમાં આ બાબતે પીટીશન કરાઇ જેના પરિણામ સ્વરુપે કોર્ટે આ પંચની રચના રદ કરી હતી.હવે આ સમયે ભારતીય જનતા પાર્ટી જ્યારે સત્તા પર બહુમતીથી આવી છે અને તેમના બે નેતાઓ સત્તાના કેન્દ્ર સ્થાને છે ત્યારે તેમની ઉપર કોઇ આંચ આવે નહી તે પ્રમાણે કોર્ટે પંચના જાહેરનામાને રદ કરતો ચુકાદો આપ્યો છે.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧


# નવા ઇ-પાસપોર્ટ બહાર પડાશે જેથી આ દસ્તાવેજ વધુ સલામત રહેશે

વિદેશી મંત્રાલય દ્વારા નવા ઇ પાસપોર્ટ બહાર પાડવાની પ્રક્રિયા શરુ કરવામાં આવી રહી છે. આ ટેકનોલોજીને કારણે આ દસ્તાવેજ વધુ સલામત અને તેનાથી તેને ધરાવનારને ઇમીગ્રેશન માટે જરુરી સમયમાં નોંધપાત્ર ઘટાડો થશે.

પાસપોર્ટનો દેખાવ અને તેનો પ્રકાર મોટાભાગે હાલની જેમજ રહેશે.પરંતુ આઇડેન્ટિફીકેશન ડેટાને આવરી લેતી એક ઇલેટ્રોનિક ચિપ તેના પાછળના કવરમાં ગોઠવી દેવાશે. ઇન્ડીયા સિક્યુરીટી પ્રેસ દ્વારા જરુરી દસ્તાવેજો મેળવવાની કામગીરી શરુ કરી દેવાઇ છે.આ ઉપરાંત આગામી પેઢીના પાસપોર્ટનું વાસ્તવિક ચેન્જઓવર પણ ૨૦૧૬ના પ્રથમ ત્રણ મહિના દરમિયાન શરુ થાય તેવી ધારણા છે.

ઇ-પાસપોર્ટમાં હાલમાં પાસપોર્ટના બીજા પાના પર આપવમાં આવેલી તમામ માહીતી રહેશે.જેમાં ફોટોગ્રાફ,પર્સનલ અને બાયોલોજિકલ ડેટા(ફિંગર પ્રિન્ટસ)ઉપરાંત દસ્તાવેજની યથાર્યતાને વેલીડેટ કરવા માટે ઉપયોગમાં લેવાતાં દેશના ડીજીટલ સિગ્નેચરનો પણ સમાવેશ થાય છે.આ ચીપ એકજ વખત પાસપોર્ટ ઇસ્યુઇંગ ઓથોરીટીના સિગ્નેચર સાથે માત્ર એકજ વખત સીલ કરી શકાશે. જેના કારણે આ ઇ-પાસપોર્ટ સાથે ચેડાંની શક્યતા ઓછી રહેશે.

હાલમાં ૧૦૦થી વધુ દેશોમાં ઇ-પાસપોર્ટ એક કાયદો જ છે. ભારતમા હજુ સુધી તે ૨૦૦૮થી કેટલાક રાજદ્વારી અને સત્તાવાર પાસપોર્ટસ પર સફળતાની જ અત્યાર સુધી ચકાસણી કરી છે.હવે જે ઇ-પાસપોર્ટ જારી કરવામાં આવશે તે અત્યાર સુધી પ્રાયોગિક ધોરણે જારી કરવામાં આવતા પાસપોર્ટની સરખામણીમાં ઉત્તમ કક્ષાના હશે.

# હોંગકોંગમાં લોકશાહી માટેની ચળવળમાં લોકો જોડાયા

હોંગકોંગમાં આખરી ચેતવણી આપ્યા બાદ લોકો શેરીઓમાં નિકળી પડ્યા હતા.તેઓની માંગણી છે કે ચીફ એક્ઝીક્યુટીવ, સી વાય લીયુંગ રાજીનામું આપે,પરંતુ લીયુંગે રાજીનામું આપવાનો કે પદ છોડવાનો ઇન્કાર કર્યો હતો.પરંતુ તેમણે કહ્યું હતું કે વિરોધકર્તાઓ સાથે આ બાબતે ચર્ચા વિચારણા કરી શકાય અને તેમના પ્રશ્નો બાબતે ચર્ચા કરીને નિર્ણય કરી શકાય.હોંગકોંગની સરકાર હંમેશા વાર્તા કરવા માટે તૈયાર છે તેવું તેમણે પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું.

જેઓ હોંગકોંગમાં લોકશાહી સ્થપાય માટે લડત ચલાવી રહ્યા છે તેઓની સાથે લીયુંગની ઓફીસ અને સેન્ટ્રલ ગર્વમેન્ટ કોમ્પલેક્ષની બહાર લોકો એકઠા મળેલા છે.તેવું બીબીસી ન્યુઝે તેમના રીપોર્ટમાં જણાવ્યું હતું.જો આ દરમીયાન તેમજ પ્રોટેસ્ટ દરમિયાન પણ આખા હોંગકોંગ શહેરમાં પ્રાર્થનાઓ ચાલી રહી છે. તેવું ક્રિશ્ચિયન ટુડેએ તેમના રીપોર્ટમાં જણાવ્યું હતું.

હાલમાં જેઓ સરકારનો વિરોધ કરી રહેલા છે તે પૈકીના કેટલાક ૨૦૧૭માં આવી રહેલ ઓપન ઇલેકશનનો પણ વિરોધ કરી રહ્યા છે અને તેઓમાના કેટલાક ખ્રિસ્તીઓ પણ છે.જેમાં બેપ્ટીસ મીનીસ્ટર રેવ.ચુ યુ મીંગ તથા ભુતપુર્વ કેથોલીક બિશપ,હોંગકોગ, કાર્ડીનલ જોસેફ ઝેન ઝી કીયુમ પણ છે.તેમજ ઇન્ટરનેશનલ ચર્ચે કહ્યું છે કે વાઇને તેનો રસ્તો ખુદ શોધી લીધો છે અને તે છે પ્રાર્થના .જેઓ શરણાર્થી છે,તેમને મદદ અને સાથ આપવા માટે સ્ટ્રીટમાં જવું પડશે.સીનીયર પાસ્ટર એન્ડ્રુ ગાર્ડનરે જણાવ્યું હતું કે ચર્ચ તરીકે અમારો રીસપોન્સ હકારાત્મક હોવો જોઇએ.અમો ન્યાય માટે આગ્રહી છીએ.અમારા હૃદયમાં એવું માનીએ છીએ કે ઇશ્વર આ બાબતે અમારી લાગણીઓને સમજે છે.વર્ષોથી અમારી લાગણીઓ ઘવાઇ રહી છે.તેથી અમારા મકાનો તમામ શરણાર્થીઓ માટે ખુલ્લા છે,જેઓ જરુરીયાત મંદ છે તેઓ આવી શકે છે.અને અમે એમ કહેવા માંગીએ છીએ કે અમો તમામ શરણાર્થીઓને આવકારવા માટે તૈયાર છીએ.અમો એવું માનીએ છીએ કે અમો જે કંઇ કરીએ છીએ તે મજબુત રીતે કરીએ છીએ.સાથે જે કાંઇ કરીએ છીએ તે પ્રાર્થના સહિત કરીએ છીએ.માત્ર પ્રાર્થના જ નહી પરંતુ અમારો અવાજ પણ અમો બુલંદ કરીએ છીએ.

હોંગકોંગ યુની.ના પોલીટીક્સના પ્રોફેસર જોસેફ ચેંગ યુ સેકએ પણ ક્રિશ્ચિયન ટુડેને આ વિરોધ અંગે જણાવ્યું હતું કે ખ્રિસ્તીઓ પોતાના મિજાજથી કોમ્યુનીસ્ટોના વિરોધી રહ્યા છે.કોમ્યુનીસ્ટ પાર્ટી એ નાસ્તિકોની પાર્ટી છે.તેથી ખ્રિસ્તીઓને સ્વીકારવા કોમ્યુનીસ્ટો ક્યારેય તૈયાર હોતા નથી.જ્યારે ખ્રિસ્તીઓ બીજા વિશ્વમાં માને છે તેથી તેઓ કુરબાન થવા તૈયાર હોય છે અને ન્યાય માટે સતત લડતા રહે છે.


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386



તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.